**<u>ફોજદારી અપીલ નં. ૩૮/૨૦૨૫</u>**

**<u>આંક–૫ ની અરજી લગત હુકમ.</u>**

(૧) એપેલન્ટ તરફે વિદ્ધાન વ.શ્રી એન.એમ.મણીયારને સાંભળ્યા. રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી કે.એચ.ત્રિવેદીને સાંભળ્યા. અરજી, દસ્તાવેજી પુરાવા તથા ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ વંચાણે લીધું.

(૨) એપેલેન્ટના વિ.વ.શ્રીની રજુઆત અરજી મુજબની છે. વધુમાં તેઓની રજુઆત છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે આંક–૭થી આરોપીનુ પ્રાથમીક નીવેદન લીધેલ તેમા રૂપીયા પાંચ લાખ પુરા ચેક પરત ફરવા અંગે પુછવામાં આવેલ અને તેથી જયારે આરોપી સામે રૂપીયા આઠ લાખ પચાસ હજારના ચેક સંબધે નીવેદન લેવામાં આવેલ ન હોય તો તે સબંધે નામદાર ટ્રાયલ કોર્ટે સજાનો હુકમ કરેલ છે તે રદ થવાને પાત્ર છે. વધુમાં તેઓની રજુઆત છે કે કાયદા મુજબ ચેકની રકમના ૨૦ ટકા ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે તો માત્ર રૂપીયા પાંચ લાખના ૨૦ ટકા લેખે રૂપીયા એક લાખ ડીપોઝીટ કરવા હુકમ કરવો જોઈએ. વધુમાં તેઓની રજુઆત છે કે રૂપીયા આઠ લાખ પચાસ હજારના ચેકની વીગત તા.૨૨/૨/૨૦૨૪ના રોજ લખવામાં આવેલ છે અને તે સબંધે આરોપીપક્ષને સાંભળવામાં આવેલ નથી કે આરોપીની સહી લેવામાં આવેલ નથી. વધુમાં તેઓની રજુઆત છે કે એપેલેન્ટ સામેનો ગુનો નોનકોગ્નીઝેબલ છે અને છ માસની કેદની સજા કરવામાં આવેલ છે. જેથી એપેલેન્ટને અપીલ ચાલતા દરમ્યાન કાયદાની જોગવાઈ અનુસાર જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) રીસ્પોન્ડન્ટના વિ.વ.શ્રીની રજુઆત છે કે મુળફરીયાદમાં બે ચેકો પરત ફર્યા અંગેની હકીકત લખવામાં આવેલ છે, આરોપીને નોટીસ આપવામાં આવેલ છે તેમા પણ બે ચેકો પરત ફર્યાની હકીકત લખવામાં આવેલ છે,

ફરીયાદીએ નામદાર ટ્રાયલ કોર્ટમાં પુરાવો આપેલ છે તેમા પણ બે ચેકો રજુ કરેલા છે, નામદાર ટ્રાયલ કોર્ટે આરોપીનુ વિશેષ નીવેદન લીધેલ છે તેમા પણ બે ચેકો પરત ફર્યા બાબતે પુછવામાં આવેલ છે, આ સંજોગોમાં જયારે ફરીયાદપક્ષની ફરીયાદ બે ચેકની છે, ફરીયાદપક્ષનો પુરાવો બે ચેક પરત ફર્યાનો છે, આરોપીપક્ષે સરતપાસનુ સોગંદનામુ રજુ થયા પછી ઉલટતપાસ પણ કરેલ છે અને ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનુ વિશેષ નીવેદન પણ બે ચેક પરત ફર્યા બાબતે લેવામાં આવેલ છે, આ સંજોગોમાં આરોપીપક્ષ ફરીયાદપક્ષે જે આક્ષેપ મુકેલ છે તેનાથી માહીતગાર હતા, જેથી આ અપીલના કામે આ દલીલ ચાલવા પાત્ર નથી. વધુમાં તેઓની રજુઆત છે કે આરોપી સામેનો ગુન્હો નોન કોગ્નીઝેબલ છે અને છ માસની કેદની સજા કરવામાં આવેલ છે તે જોતા અપીલ ચાલતા દરમ્યાન નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈ મુજબ બન્ને ચેકની રકમના ૨૦ ટકા નામદાર કોર્ટમાં ડીપોઝીટ કરવાની શરતે જામીન મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષને વાંધો નથી.

(૪) સમગ્ર રજુઆતો તથા રેકર્ડ વંચાણે લીધુ. વિ.ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ આ અદાલત સમક્ષ રજુ થયેલ છે તે વંચાણે લીધુ. તા.૦૫/૧૨/૨૦૨૨ના રોજ આંક–૭થી આરોપીનુ પ્રાથમીક નીવેદન લેવામાં આવેલ. ત્યારબાદ તા.૨૨/૨/૨૦૨૪ ની તારીખ લખી ચેક નં.૦૦૪૬૪૨ સંદર્ભે વીગત લખવામાં આવેલ છે. તે હકીકત છે કે આ બાબતે આરોપીની આંક–૭ના નીવેદનમાં તા.૨૨/૨/૨૦૨૪ના રોજ ફરીથી સહી લેવામાં આવેલ નથી. પરંતુ એ પણ હકીકત છે કે ફરીયાદીએ બે ચેકો પરત ફર્યાની આરોપીને નોટીસ આપેલ હતી. ફરીયાદીએ બે ચેકો પરત ફર્યાની વિ.ટ્રાયલ કોર્ટમાં ખાનગી ફરીયાદ દાખલ કરેલ છે. વિ.ટ્રાયલ કોર્ટે તા.૦૩/૮/૨૦૨૩ના રોજ વિશેષ નીવેદન લીધેલ છે તેમા પણ બે ચેકો પરત ફર્યા બાબતેના સવાલો પુછેલ છે. આ સંજોગોમાં માત્ર રૂપીયા પાંચ લાખના ચેકની ૨૦ ટકા રકમ ડીપોઝીટ ન કરવા હુકમ કરવામાં આવે તેવી

માંગણી કાયદા મુજબ નથી. એપેલેન્ટ સામેનો ગુન્હો નોન કોગ્નીઝેબલ છે અને છ માસની સજા કરવામાં આવેલ છે. આ હકીકત ધ્યાનમાં રાખતા અપીલ ચાલતા દરમ્યાન એપેલેન્ટને જામીન મુકત કરવા જોઈએ તેવા નિર્ણય પર આવુ છુ. આ અપીલ ચાલતા દરમ્યાન વિદ્વાન નીચેની અદાલતના સજાના હુકમને મોકુફ રાખવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. તેથી નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

વિદ્વાન ટ્રાયલ કોર્ટે ફોજદારી કેસ નંબર ૧૨૭૯/૨૦૨૨ના કામે તા.૦૧/ ૦૪/૨૦૨૫ ના રોજ ફરમાવેલ સજા તથા વળતરનો હુકમ નીચેની શરતોને આધીન મોકુફ રાખી એપેલન્ટ/આરોપીને અપીલ ચાલતા સમય દરમ્યાન જામીન ઉપર છોડવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

**શરતો :-**

(૧) આરોપી/એપેલન્ટે રૂા. ૨૫,૦૦૦/-(રૂપિયા પચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આ અદાલતમાં રજુ કરવા.

(૨) આરોપી તથા જામીનદારે પોતાના રહેણાક તથા ધંધાના સરનામા અને મોબાઈલ નંબર/કોન્ટેક નંબર લેખીત પુરશીશથી જાહેર કરવા અને આ અદાલતની પરવાનગી વગર ફેરફાર કરવો નહી. જામીનદારે છ માસથી જુના ન હોય તેવા બે ફોટોગ્રાફસ જામીનખત આપતા સમયે રજુ કરવાના રહેશે.

(૩) આરોપી/એપેલન્ટે આ અદાલતની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૪) આરોપી/એપેલન્ટે હાલની અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અદાલતમાં જાતે તેમજ વિદ્વાન વકીલશ્રી સાથે અચુક હાજર થવાનું રહેશે.

(૫) આરોપી/એપેલન્ટ તરફથી અપીલની સુનાવણી દરમ્યાન કોઈ વિલંબ કરવામાં આવશે તો આ હુકમ રદ્દ કરી આરોપી/એપેલન્ટને કસ્ટડીમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) આરોપી/એપેલન્ટે તકરારી ચેકોની રકમના ૨૦% રકમ આ અદાલતમાં જમા કરાવવાની રહેશે.

આ હુકમની નકલ વિદ્ધાન ટ્રાયલ કોર્ટને જાણ અર્થે મોકલવી.

આ હુકમ આજરોજ તા.૦૧ માહે મે સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૦૧/૦૫/૨૦૨૫
સ્થળ:– ખંભાળીયા.
(એ.એ.માડમ)

(સમીર વિનોદચંદ્ર વ્યાસ)
સેશન્સ જજ
દેવભૂમિ દ્ધારકા, મું.ખંભાળીયા.